ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G




# ૧૫૦ મતદાન મથકો એવા છે જ્યાં સ્ત્રી મતદારો પુરૂષ મતદારો કરતાં વધુ છે

**ગાંધીનગર શહેરમાં ૧૨ મતદાન મથકોમાં સ્ત્રી મતદારોની સંખ્યા પુરુષ મતદારો કરતાં વધુ છે : શહેરમાં એક મતદાન મથક એવું છે જ્યાં માત્ર ૧૦૪ મતદારો છે જેમાં ૪૫ મહિલા છે : કલોલમાં ૩૦ ટકા મતદારોની આયુ ૧૮થી ૩૦ વર્ષની જ છે**

**(પ્રકાશ જહા)** ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં ચૂંટણીપ્રચાર તેની પરાકાષ્ટાએ પહોંચ્યો છે ત્યારે ચૂંટણી સમીકરણોના વિશ્લેષકો પણ અલગ રીતે મતદાર યાદીઓના વિશ્લેષણ સાથે ઉમેદવારોના કાર્યાલયો પર ગણિત ગણવામાં વ્યસ્ત બની અને રણનીતિની વ્યૂહરચનાઓ રાત્રે તૈયાર કરતા નજરે પડે છે.




જિલ્લામાં આમ તો મતદારોના વિશ્લેષણમાં એક વાત સ્પષ્ટ બની છે કે ગ્રામ્ય વિસ્તારના મતદારોનું પ્રભુત્વ આ ચૂંટણીમાં પણ તેનો દબદબો જાળવી રાખશે. જિલ્લામાં ચાર વિધાનસભા મતવિસ્તારો હતા પમ હવે પાંચ વિધાનસભા મતવિસ્તાર બન્યા છે. આ પાંચેય વિધાનસભા મત વિસ્તારમાં ૧૧૫૦ મતદાન મથકો છે. ૬૧૮ મકાનમાં આ મતદાન મથકો આવેલા છે.

આ ૧૧૫૦ મતદાન મથકો પૈકી ૧૫૦ મતદાન મથકો એવા છે જ્યાં પુરુષ મતદારો કરતાં સ્ત્રી મતદારોની સંખ્યા વધુ નોંધાયેલી છે. સૌથી વધુ માણસાની બેઠક પર આ મતદાન મથકો છે જ્યાં આવા મથકોની સંખ્યા ૪૦ છે જ્યારે બીજા ક્રમે ગાંધીનગર દક્ષિણની બેઠક આવે છે જ્યાં આ મથકોની સંખ્યા ૩૮ છે. આમ જિલ્લાના ૧૫૦ મતદાન મતકો પૈકીના ૫૦ ટકા મતદાન મથકો આ બે વિધાનસભા મત વિસ્તારમાં આવેલા છે.

કલોલમાં ૨૭, દહેગામમાં ૨૫ અને ગાંધીનગર ઉત્તરમાં ૧૯ મતદાન મથકો એવા છે જ્યાં મહિલા મતદારોની સંખ્યા પુરુષ મતદારો કરતાં વધુ નોંધાયેલી છે. જિલ્લામાં મહિલા અને પુરુષ મતદારોની સંખ્યા એકસરખી હોય તેવા મતદાન મથકોની સંખ્યા ૩૦ જેટલી જ છે.

ગાંધીનગર શહેરમાં સેક્ટર-૨માં એક બૂથ એવું છે જ્યાં સ્ત્રી અને પુરુષ મતદારોની સંખ્યા સરખી છે જ્યારે ૧૨ મતદાન મથકો ગાંધીનગર શહેરમાં એવા છે જ્યાં પુરુષ મતદારો કરતાં સ્ત્રી મતદારોની સંખ્યા વધુ નોંધાયેલી છે. ગાંધીનગર શહેરનું સેક્ટર-૯નું મતદાન મથક એવું છે જ્યાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૧૦૪ છે, જેમાં ૪૫ મહિલા છે.

આ મતદાર યાદીના વિશ્લેષકોએ જે રસપ્રદ તારણો તૈયાર કર્યા છે તેમાં આખા જિલ્લામાં ૩.૧૭ મતદારો ૧૮થી ૧૯ વર્ષની આયુ ધરાવે છે. જેમાં ટકાવારીની દૃષ્ટિએ આવા મતદારો સૌથી વધુ ગાંધીનગર ઉત્તરમાં છે. જ્યાં ૩.૩૭ ટકા મતદારો ૧૮થી ૧૯ વર્ષની આયુ ધરાવે છે. આ પછી માણસા વિધાનસભા મત વિસ્તાર આવે છે જ્યાં આ આયુના મતદારોની ટકાવારી ૩.૨૮ ટકા છે. જ્યારે ગાંધીનગર દક્ષિણમાં આ મતદારોની ટકાવારી ૩.૨૪ ટકા છે. દહેગામમાં ૨.૮૪ ટકા અને કલોલમાં ૩.૦૪ ટકા છે.

૨૦થી ૨૯ વર્ષની આયુ ધરાવતા મતદારોની સંખ્યા જિલ્લામાં ૨૬.૩૨ ટકા છે. આ આયુના સૌથી વધુ મતદારો કલોલમાં છે જ્યાં આ મતદારોની ટકાવારી ૨૬.૩૬ ટકા, ગાંધીનગર ઉત્તરમાં ૨૬.૧૯ ટકા, દહેગામમાં ૨૭.૭૯ ટકા અને માણસામાં ૨૫.૯૦ ટકા મતદારો આ આયુ ધરાવે છે.

આમ જોઈએ તો કલોલ વિધાનસભા મત વિસ્તારમાં સૌથી વધુ યુવા મતદારો છે જેઓની આયુ ૧૮થી ૨૯ વર્ષની છે. આ મતદારો કુલ ટકાવારીના ૩૦.૩૭ ટકા જેટલી સંખ્યા ધરાવે છે. બીજા ક્રમે ગાંધીનગર દક્ષિણ આવે છે જ્યાં આ આયુના મતદારોની ટકાવારી ૨૯.૬૦ ટકા અને દહેગામમાં ૨૮.૬૪ ટકા જેટલા મતદારો છે.

ગાંધીનગરમાં ૧૧૭ મતદારો ૧૦૦ વર્ષ કે તેથી વધુ આયુ ધરાવે છે. આ મતદારોમાં ૯૩ સ્ત્રી મતદારો છે જ્યારે પુરુષ મતદારોની સંખ્યા ૨૪ છે. શતાયુ પાર કરી ગયેલા મતદારો સૌથી વધુ માણસામાં છે જ્યારે સૌથી ઓછા ગાંધીનગર ઉત્તરમાં છે.
















Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com